# Telephone Conversation between PM and the President of United States of America

April 04, 2020

## વડાપ્રધાન અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 04, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાનાં રાષ્ટ્રપતિ મહામહિમ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી. બન્ને નેતાઓએ ચાલું કોવિડ-19 મહામારી અને વૈશ્વિક સુખાકારી અને અર્થતંત્ર પર તેની અસર પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું.

વડાપ્રધાને યુનાઈટેડ સ્ટેટ્સમાં થયેલી જાનહાનિ માટે અંતઃકરણથી દિલાસો પાઠવ્યો હતો, અને આ રોગથી હજું પણ પિડાઇ રહેલા લોકો માટે વહેલા સાજા થવા માટે પ્રાર્થનાઓ કરી હતી.

બન્ને દેશો વચ્ચે ખાસ સંબંધ પર ભાર મૂકતા, વડાપ્રધાને સાથે મળીને આ વૈશ્વિક કટોકટીમાંથી બહાર આવવા યુએસએ સાથે ભારતની એકતાનુંપુનઃઉચ્ચારણ કર્યું હતું. બન્ને નેતાઓએ અડગ અને અસરકારક રીતે કોવિડ-19 નો સામનો કરવા માટે ભારત-યુએસ ભાગીદારીની સંપૂર્ણ તાકાત કામે લગાડવા સંમત થયા હતા.

વડાપ્રધાન અને યુએસનાં રાષ્ટ્રપતિએ આ મહામારીની આરોગ્ય અને આર્થિક અસરો નાબૂદ કરવા માટે દરેક દેશમાં લેવામાં આવેલા સંબંધિત પગલાઓ પરની નોંધનું આદાન-પ્રદાન કર્યું હતું.

બન્ને નેતાઓએ આ મુશ્કેલ સમયમાં શારીરિક અને માનસિક સુખાકારી સુનિશ્ચિત કરવા માટે યોગ અને આયુર્વેદ (પરંપરાગત ભારતી ઔષધિય દવાઓની પ્રથા) જેવી પ્રથોની અગત્યતા પર પણ ચર્ચા કરી હતી.

તેઓ સંમત થયા હતા કે વૈશ્વિક કોવિડ-19 કટોકટીનાં સંદર્ભમાં તેઓનાં અધિકારીઓ નજીકનાં સંપર્કમાં રહેશે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 04, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.